જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૬/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૯૭૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૦૫	૦	૧૧૫૦૫	૧૭૬૨૪	૦	૧૭૬૨૪
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૬	૦	૮૬	૩૦૩	૦	૩૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૧૨૭૬	૩૫૫	૫૧૬૩૧	૫૧૯૩૨	૩૭૮	૫૨૩૧૦
કુલ		૬૭૫૭૫	૩૫૫	૬૭૯૩૦	૭૬૧૦૨	૩૭૮	૭૬૪૮૦

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૩	૨,૪૮,૧૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૦૧૯	૨૦,૧૯,૦૦૦/-

જાહેરમાં હથિયાર સાથે ફરતા આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી એક ઇસમને બે દિવસ પહેલા જાહેરમાં તલવાર લઇને ફરતો હોય તેને તલવાર સાથે પકડી પાડતી કૃષ્ણનગર સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમાં ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો આજરોજ તા.૦૨/૦૬/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૨/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૩/૦૦ વાગે ઠક્કરનગર એપ્રોચ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે આવતા સાથેના **એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **ઠક્કરનગર રામાપીર મંદિર ની પાસે વસંતનગરના છાપરા ખાતે રહેતો એક ઇસમ નામે વિજય ઉર્ફે બટ્ટો પ્રેમાભાઇ વાઘેલા કે જેણે શરીરે સફેદ કલરની વાઘના છાપની ગોળ ગળા ની ટી-સર્ટ તથા બ્લ્યુ કલરનુ ટ્રેક પેન્ટ પહેરેલ હોય તે ઇસમ બે દિવસ પહેલા ઠક્કરનગર વિસ્તારમાં જાહેરમાં તલવાર જેવુ હથીયાર લઇને ફરતો હતો અને તે અત્રેના પો.સ્ટે માં ચોરી તેમજ ઘરફોડ જેવા ગુન્હાઓમાં પકડાયેલ છે જે ઇસમ હાલ તેના ઘરે આવેલ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યાએ વસંતનગરના છાપરા ખાતે મકાન ની અંદર રેઇડ કરી ઉપરોકત બાતમી નામ-વર્ણન વાળા આરોપીને તેના મકાનમાં તિજોરીની ઉપર મુકેલ એક લોખંડ ની મજબુત તલવાર સાથે પકડી પાડી તલવાર રાખવા બાબતે પૂછતા કોઇ જવાબ આપતો ન હોય કે કોઇ પાસ પરમીટ નહી હોવાનું જણાવતો હોય અને કોઇ ગુન્હાહીત કાર્ય કરવા સારૂ પોતાના કબ્જામાં રાખેલ હોવાનું જણાતુ હોય અને મે,પો.કમિ.શ્રી અમદાવાદ શહેર નાઓના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરેલ હોય જેથી મુદ્દામાલ પંચનામાં વિગતે કિ.રૂ.૦૦/૦૦ ગણી કબ્જે કરી આરોપી ને ક.૧૪/૧૦ વાગે જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ અટક કરી સારી કામગીરી કરેલ છે તા.૦૨/૦૬/૨૦૨૧

આરોપીઓના નામ :-

વિજય ઉર્ફે બટ્ટો સ/ઓ પ્રેમાભાઇ ભગવાનભાઇ જાતે વાઘેલા(બાવરી ઝંડાવાળા) ઉ.વ.૨૩ ધંધો-મજુરી રહે,વસંતનગરના છાપરા કલાસાગર કોમ્પ્લેક્ષની પાછળ રામાપીરના મંદિરની પાસે ને.હા.નં-૦૮ ઠક્કરનગર કૃષ્ણનગર અમદાવાદ શહેર

મુદ્દામાલ :-

મજબુત લોખંડની તલવાર કિ.રૂ.૦૦/૦૦ ગણી શકાય તે

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા એ.એસ.આઇ અશ્વિનભાઇ રામજીભાઇ બ.નં-૧૩૪૭૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા બીજા સ્ટાફના માણસો





જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન

ગણનાપાત્ર જુગારનો કેસ શોધી ૧૦ ઇસમોને પકડતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨, અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી, 'એફ' ડીવીઝન, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ તા.૩૧/૦૫/૨૦૨૧ ના રોજ સિનિ પો.ઈન્સ.શ્રી કે.ડી.જાડેજા સા. નાઓની સુચના હેઠળ પો.સ.ઇ શ્રી એમ.એચ ઝાલા સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પેટ્રોલિંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કો.ભુપેંદ્રકુમાર કરસનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ નાઓને બાતમી હકીકત મળેલ કે "અસારવા મોહન સિનેમા પાસે, આવેલ નવી ભોગીલાલની ચાલી પાસે આવેલ પી.જી. ગેસ્ટ હાઉસની અંદર કેટલાક ઈસમો ગંજી પાનાથી તીનપત્તીનો પૈસાની હાર જીતનો જુગાર રમી રમાડે છે. અને હાલમાં આ જુગારની પ્રવૃત્તિ ચાલુ છે." જે મળેલ બાતમી હકીકત આધારે પો.સ.ઇ શ્રી એમ.એચ ઝાલા સાહેબ તથા સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે હકીકત આધારે રેઇડ કરતા ૧૦ ઇસમો જુગારના સાધનો સાથે મળી આવતા તેમના વિરુધ્ધમાં ધી ઇપીકો કલમ-૧૮૮ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ ૨૦૦૫ ની કલમ ૫૧ (બી) તથા ધી જુગાર ધારા કલમ-૪,૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી કલાક.૦૩/૧૫ વાગે અટક કરી સારી કામગીરી કરેલ છે.

આરોપીઓના નામ:-

(૧) ધવલસિંહ અજીતસિંહ ચાવડા ઉવ.૨૩ રહે, મ.નં-૧૦૯ શાહીબાગ સોસાયટી, મોહનસિનેમા પાસે, અસારવા શાહીબાગ અમદાવાદ શહેર + ૦૯ =૧૦

મુદ્દામાલ ;-

અંગઝડતીમાંથી કુલ રોકડ રૂ.૫૩,૪૦૦/- તથા દાવના નાણાં રૂ.૨૫,૬૦૦/ મળી કુલ્લે રૂ.૭૯,૦૦૦/- તથા ગંજીપાના નંગ-૫૨ જેની કિ.રૂ.૦૦/૦૦ તથા અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-૦૭ જેની કુલ્લે કિંમત રૂ.૩૨,૫૦૦/- જે તમામ મળી કુલ્લે કિ.રૂ.૧,૧૧,૫૦૦/-ની મત્તાનો

કામગીરી કરનાર અધિ./કર્મચારી;-

સિનિ પો.ઈન્સ.શ્રી કે.ડી.જાડેજા સા.તથા પો.સ.ઇ શ્રી એમ.એચ ઝાલા તથા સર્વેલન્સ સ્કવોડ મ.સ.ઇ વસંતલાલ મગનલાલ બ.નં.૫૫૧૩ તથા અ.હે.કો લાલજીભાઇ શીવરામભાઇ બ.નં.૮૯૭૨ તથા અ.પો.કો રાજેશ અંબાલાલ બ.નં.૪૯૬૭ તથા અ.પો.કો ભુપેંદ્રકુમાર કરસનભાઇ બ.નં.૪૬૧૮ તથા અ.પો.કો ભવ્યજીતસિંહ પરબતસિંહ બ.નં.૬૪૨૧ તથા અ.પો.કો. રાકેશસિંહ ભુપેન્દ્રસિંહ બ.ન.૧૩૨૧૮ તથા અ.પો.કો. અંકિતસિંહ મહેન્દ્રસિંહ બ.ન.૧૨૪૧ તથા અ.પો.કો. મનોજસિંહ ભારતસિંહ બ.નં-૬૫૯૬



કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની ડ્રાઇવ અનુસંધાને પ્રોહી-જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો તા.૦૧/૦૬/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૭/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૭/૩૫ વાગે વિજય પાર્ક ત્રણ રસ્તા પાસે આવતા સાથેના **અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ** નાઓને ખાનગી બાતમી હકિકત મળેલ કે " **વિજય પાર્ક ત્રણ રસ્તા ડિલક્ષ પાન પાર્લર ની સામે મુરલીધર સિરામીક ની ઉપર ત્રીજે માળ પતરા વાળી ઓફિસમાં તે હાલના કબ્જેદાર માલિક તથા હોમગાર્ડમાં ફરજ બજાવતો અજયસિંહ હિમંતસિંહ ચાવડા નાનો પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને જુગાર રમવા સારૂ બોલાવી ભેગા કરી પોત-પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા મુરલીધર સિરામીક ની બિલ્ડીંગ ઉપર ત્રીજા માળે આવેલ ઓફિસમા રેઇડ કરી જુગાર રમતા તેર આરોપીઓને રોકડા નાંણા રૂ.૨૨,૫૨૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૫,૮૨૦/-તથા નાળ ના નાણા રૂ.૨,૫૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૩૦,૮૪૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૧૧ કુલ્લે કિ.રૂ.૧,૧૩,૦૦૦/-તથા કુલ્લે વાહન ૦૬ કુલ્લે કિ.રૂ.૩,૧૦,૦૦૦/-સાથે મળી કુલ્લે રૂ.૪,૫૩,૮૪૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે ક.૨૦/૧૦ વાગે જુગાર ધારા કલમ-૪ ,૫ મુજબ પકડી પાડી જુગારનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૦૨/૦૬/૨૦૨૧

આરોપીઓના નામ :

(૧)અજયસિંહ સ/ઓ હિમંતસિંહ અર્જુનસિંહ જાતે ચાવડા ઉ.વ.૨૯ રહે,મ.નં-૪૯/૧,દરબાર વાસ નોબલ સ્કુલની બાજુમાં શિવ એપાર્ટમેન્ટ ની સામે કૃષ્ણનગર અમદવાદ શહેર +૧૨=૧૩

મુદ્દામાલ :-

રોકડા નાંણા રૂ.૨૨,૫૨૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૫,૮૨૦/-તથા નાળ ના નાણા રૂ.૨,૫૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૩૦,૮૪૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મોબાઇલ ફોન નંગ-૧૧ કુલ્લે કિ.રૂ. ૧,૧૩,૦૦૦/-તથા કુલ્લે વાહન નંગ-૦૬ કુલ્લે કિ.રૂ.૩,૧૦,૦૦૦/- સાથે મળી કુલ્લે રૂ.૪,૫૩,૮૪૦/-ની મત્તાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા એ.એસ.આઇ જીતેંદ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં.૧૦૧૮૮ તથા હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૭૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી, ૭૮ લીટર દેશી દારૂ અને ૧૯ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૭,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૯૭૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૯૭૫/૨૦૨૧**

એરપોર્ટઃ પ્રેમસિંગ નાથુસિંગ રાજપુત (રહે. આશાપુરા ભોજનાલયની ઉપર ઇન્દીરાબ્રિજ સર્કલ પાસે ઝુલેલાલ સોસાયટીની બાજુમાં સરદારનગર) એ તા.૦૧/૦૬/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૧ રાતના ૧૦/૩૦ થી તા.૦૧/૦૬/૨૦૨૧ કલાક ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંકના મકાનનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૨,૩૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એચ.પાંડવ ચલાવે છે.

નારોલઃ પ્રમોદ ચન્દ્રભુષણ મિશ્રા (રહે. ધૃવ-રો હાઉસ વૈશાલીનગર પાસે કોઝી હોટલ સામે નારોલ) એ તા.૦૧/૦૬/૨૦૨૧ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૫/૨૦૨૧ કલાક ૦૦/૩૦ થી કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદીના-દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા ૨૭૦૦/- મળી કુલ રૂપિયા ૮૯,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

આત્મહત્યા :- **સમાચાર યાદી નં.૯૭૬/૨૦૨૧**

સોલા હાઇકોર્ટઃ જોગેશ દીપારામ પ્રજાપતિ (ઉ.વ.૨૬) (રહે.સન ડીવાઇન-૫ વ્રજધામ-૨ સામે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૫/૨૦૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ચાણક્યપુરી, “ચારભુજા પ્રોવિઝન સ્ટોર” નામની દુકાનમાં ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને ડો.જીવરાજ મહેતા હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટઃ વિકાશભાઈ નટવરભાઈ પ્રજાપતિ (ઉ.વ.૪૦) (રહે. કમલેશપાર્ક સોસાયટી મુકેશનગર પાસે અર્બુદાનગર ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૦૧/૦૬/૨૦૨૧ સવારના ૧૦/૪૦ વાગ્યા પહેલા એન.આઈ.ડી.પાછળ જમાલપુરબ્રીજ નીચે રીવરફ્રન્ટ વોક-વે સીડી નંબર-૪૭ ઘાટ નજીક નદીમાં પડતુ મુકી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંદ્ર આત્મારામ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી